ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૧/૧૮-૧૯/ 5028 તારીખ : 1 NOV 2018

પ્રતિ,
શ્રી ધીરુભાઈ ખાંટાભાઈ ડાંગર,
શ્રી ડાંગર ખાંટાભાઈ ભગવાનભાઈ,
મુ. પાણીયાળા, તા. ઘોઘા,
પો. તણસા,
તા. જી. ભાવનગર.- ૩૬૪ ૧૨૦.
**મો : ૯૬ ૨૪ ૨૪ ૧૬ ૩૩ .**

કેસ ન. ૧૧૧/૧૮-૧૯.

**વિષય :** ખેતીવાડી વીજ કનેક્શન મળવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા : ૨૦.૦૯.૧૮ અત્રેની કચેરીને મળ્યા તા. ૨૪.૦૯.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૧/૧૮–૧૯/૪૬૮૯ તા.૨૯.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૨૩.૧૦.૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, પાલીતાણા.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ત્રાપજ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર –૧૧૧/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી ડાંગર ખાંટાભાઈ ભગવાનભાઈ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૨૩.૧૦.૨૦૧૮** ◈

હાજર રહયા :– વતી શ્રી ડાંગર ધીરુભાઈ ખાંટાભાઈ – પુત્ર.

પ્રતિવાદી :– શ્રી પી.જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા.

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ડાંગર ખાંટાભાઈ ભગવાનભાઈ, મુ.પાદરી, તા.તળાજા જી.ભાવનગરની નવા ખેતીવાડી વીજ જોડાણની બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૧ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૧૧૧/ ૧૮–૧૯/ ૪૪૨૬ તા. ૨૯.૦૯..૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૨૩.૦૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી શ્રી ડાંગર ધીરુભાઈ ખાંટાભાઈ – પુત્ર હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી પી.જી. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, પાલીતાણા, ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ હું ખાંટાભાઈ ભગવાનભાઈ ડાંગર રહે. પાણીયાળા, તા.ઘોઘા, જી.ભાવનગર અમારા કુટુંબ કબીલા સાથે રહીએ છીએ અને ખેતીકામ કરી ગુજરાન ચલાવીએ છીએ અને પાણીયાળા ગામે સર્વે નંબર ૬૫ પૈકીની ખેતીની જમીન ધરાવીએ છીએ. અને ગ્રાહક નંબર ૩૭૩૩૮/૫૦૦૧૯/૨ નું વીજ કનેક્શન ધરાવતા હતા. જે જુનો ગ્રાહક નંબર મામસા પેટા વિભાગીય કચેરીનો હતો અને હાલ મામસા પેટા વિભાગીય કચેરીમાં ત્રાપજ પેટા વિભાગીય કચેરી અલગ પડતા અમોને ત્રાપજ પેટા વિભાગીય કચેરી દ્વારા અમારો નવો ગ્રાહક નંબર ૮૧૦૪૬/૫૦૦૧૯/૮ આપવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૨ અમો આપ સાહેબનું વીજ કનેક્શન ધરાવતા હતા અને ૨૦૦૫ ની સાલમાં સરકાર શ્રી દ્વારા અમોને એવું જણાવવામાં આવેલ કે તમારા ખેતરમાં જે લાઈટ કનેક્શન ના થાંભલા નાખવામાં આવેલ છે તેનો તમામ ખર્ચ સરકાર ભોગવશે પરંતુ આપ સાહેબની ઓફિસથી અમોને ૨૦૦૫ ની સાલમાં એવું જણાવવામાં આવેલ કે તમારા કુવાના કનેક્શન સુધી જે પાંચ થાંભલાઓ નાખવામાં આવેલ છે તે તમામનો અંદાજીત ખર્ચ રૂપિયા ૨૨૦૦૦/- તમોએ ભરવો પડશે જે ખર્ચ અમો મોળું વર્ષ હોવાથી ભરી શકેલ નહી. પછીથી અમારું કનેક્શન કાપી નાખવામાં આવેલ પછી થી અમોએ થોડી થોડી રકમ ભરેલ છે. જેની સાબિતી માટે પહોંચ જોડેલ છે. તેમાં રી કનેક્શન માટેની પહોંચ છે. તથા લોડ વધારાની પણ છે. લોડ વધારો આવેલ છે, કનેક્શન આપેલ નથી

૧.૩ અમોને ત્રાપજ પેટા વિભાગીય કચેરીથી ઓરમાયું વર્તન રાખીને ખાલી ખોટા ધક્કા ખવડાવે છે. ઘણા વર્ષોથી હેરાન કરે છે. વિશેષ માહિતી પત્રક કોપીની સાથે બીડેલ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>

૨.૧ વાદી શ્રી ખાંટાભાઈ ભગવાનભાઈ ડાંગરનું ખેતી વિષયક વીજ જોડાણ મામસા પેટા વિભાગીય કચેરી વખતે અપાયેલ હતુ. જેનો ગ્રાહક નંબર ૩૭૩૩૮/૫૦૦૧૯/૨ જે વીજ જોડાણ ની તારીખ ૧૦.૦૩.૧૯૯૫ તથા ૧૦ હોર્સ પાવરનું વીજ જોડાણ હતુ.

૨.૨ સદર વીજ જોડાણ મામસા પેટા વિભાગીય કચેરી દ્વારા કાયમી ધોરણે રદ કરવામાં આવેલ હતુ.

૨.૩ ત્રાપજ પેટા વિભાગીય કચેરીનું બાયફરકેશન સને ૨૦૦૧ થયેલ છે.

૨.૪ મામસા પેટા વિભાગીય કચેરીના ગામો જેવા કે રાજપરા, સાકડાસર, પાંચ પીપળા, પાણીયાળા વિગેરે સને ૨૦૦૭ માં ત્રાપજ પેટા વિભાગીય કચેરીમાં સમાવેશ કરવામાં આવેલ છે. ત્રાપજ પેટા વિભાગીય કચેરીનો રેકોર્ડ તપાસતા આ ગ્રાહકની ફાઈલ મળેલ નથી. તે જ રીતે મામસા પેટા વિભાગીય કચેરીનો રેકોર્ડ તપાસતા ત્યાં પણ વાદીની ફાઈલ ઓરિજિનલ કે લોડ વધારાની કોઈ વિગતોના રજીસ્ટર મળેલ નથી.

૨.૫ ઉપલબ્ધ PRT-145 નો રેકોર્ડ જોતા સદર વીજ જોડાણ રદ (x) થઈ ગયેલ જોવા મળે છે. ત્યાર બાદ તારીખ ૧૧.૦૯.૨૦૧૮ ના રોજ ચેકીંગ શીટ નંબર ૩૬૩૨૦ નો કોઈ ગ્રાહક જોવા મળેલ નથી અને વાદીના સ્થળ ઉપર ચકાસણી કરતા વીજ જોડાણ ચાલુ જોવા મળેલ અને જે અંગે સ્થળ ચકસણી શીટ ભરી તેઓને બિન-ગ્રાહક તરીકેનું પુરવણી બીલ પણ આપવામાં આવેલ છે. જે બિલ નિયમોનુસાર છે અને વાદી શ્રીને ભરવાપાત્ર છે. ત્યાર પછી જ અરજદાર દ્વારા રજૂઆત થયેલ છે.

૨.૬ વધુમાં લોડ વધારો માંગેલ અંગેનો કોઈ આધારપુરાવો હાલમાં ત્રાપજ સ.ડી કે મામસા સ.ડી પાસે ઉપલબ્ધ નથી. વધુમાં હાલમાં અરજદાર શ્રીના બાપુજી ખાંટાભાઈ ભગવાનભાઈ ડાંગર હયાત નથી.

૨.૭ વધુમાં આમ સદર કેશ ૧૪ વર્ષ જુનો હોય જીઈઆરસી સપ્લાય કોડ ૨/૨૦૧૧ નો ક્લોઝ ૨.30(3) મુજબ કાર્ય નું કારણ ઉભું થાય તે તારીખથી ૨ વર્ષ પછી નોધણી કરાવેલ ફરિયાદ ના ફરિયાદી ફોરમને અરજી કરવા હકદાર નથી.

-3-

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ખાંટાભાઈ ભગવાનભાઈ ડાંગરના નામનું ખેતીવાડી વીજ જોડાણ ગામ પાણીયાળામાં ગ્રા.નં. ૩૭૩૮૮/૫૦૦૧૯/૨ થી ધરવતા હતા.

૩.૨ વાદીના પ્રતિનિધિ ધીરુભાઈ ખાંટાભાઈ ડાંગર ફોરમ સમક્ષ રજૂઆત માટે હાજર છે.

૩.૩ વાદીનું વીજ જોડાણ એપ્રિલ-મેં બિલ્ડ ઇન જુન ૨૦૦૪માં વીજ બીલની બાકી રકમ રૂ.૧૯,૯૩૧/- હોઈ પ્રતિવાદીદ્વારા વાદીનું વીજ જોડાણ કાયમી ધોરણે રદ કરવામાં આવેલ.

૩.૪ ત્યારબાદ વાદીએ તા. ૧૦.૦૮.૨૦૦૫ના રોજ રૂ. ૧૦,૦૦૦/-, તા. ૦૩.૧૦.૦૫ના રોજ રૂ. ૧૨,૪૦૦/-, તા. ૩૧.૦૩.૦૬ના રોજ રૂ. ૩,૭૦૦/- અને તા. ૩૧.૦૩.૦૬ના રોજ રૂ. ૩,૫૫૦/- પ્રતિવાદીની કચેરીમાં ભરપાઈ કરેલ છે.

૩.૫ વાદીનું વીજ જોડાણ જુન-૨૦૦૪માં કાયમી ધોરણે રદ થયા બાદ અને ૩.૪ માં બતાવ્યા મુજબ વાદી દ્વારા વીજ બિલ ની રકમ ભર્યા બાદ વાદીએ નિયમ મુજબ કાયમી ધોરણે બંધ વીજ જોડાણને પુનઃ ચાલુ કરવા માટે કોઈ અરજી નોંધણી પ્રતિવાદીની કચેરીમાં કરાવેલ નહિ.

૩.૬ વાદીના સ્થળ પર તા. ૧૧.૦૯.૧૮ના રોજ પ્રતિવાદી દ્વારા ચેકિંગ કરતા પાવર ચોરી માલુમ પડેલ તેના માટે પ્રતિવાદીએ વાદીને પાવર ચોરીનું બિલ રૂ. ૭૮,૭૯૧/- આપેલ છે.

૩.૭ વાદીનું વીજ જોડાણની રકમ ૨૦૦૬માં ભરપાઈ કર્યા બાદ આશરે ૧૨ વર્ષ પછી વાદીએ વીજ જોડાણ ચાલુ કરવા માટે ફોરમને રજૂઆત કરેલ છે જે જી.ઈ.આર.સી.ના નોટીફિકેશન નં. ૨/૨૦૧૧ ના ક્લોઝ નં. ૨.૩૦ (૩) મુજબ " કાર્યનું કારણ ઉભું થાય તે તારીખથી બે વર્ષ પછી નોંધણી કરાયેલ ફરિયાદ કેસો માં ફરિયાદી ફોરમનો સંપર્ક કરવા હક્કદાર નથી."

## <u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. " ૩.૭ મુજબ વાદીની અરજી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે) | ગેરહાજર<br>(પી. એચ. માવાણી) | (એમ. આર.વજરીયા) |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :–૨૩.૧૦.૨૦૧૮

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar